અનુસુચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના નિગમોને વર્ષ:૨૦૧૬-૧૭માં યોજનાકીય કામગીરી માટે લોન પેટે ફાળવેલ શેરમુડીની યોજનાકીય ખર્ચની મંજુરી બાબત...

ગુજરાત સરકાર,
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ,
ઠરાવ ક્રમાંક:-અવક/૧૫૨૦૧૬/૧૦૫૧૩૧(પા.ફાઈલ)/જ,
સચિવાલય, ગાંધીનગર.
તા:- 20 FEB 2017

વંચાણમાં લીધા:-

૧. આ વિભાગના તા:૧૫/૦૬/૨૦૧૬ના અને તા:૦૮/૦૨/૨૦૧૭ના સરખા ક્રમાંકના ઠરાવો
૨. ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમ, ગાંધીનગરના તા:30/૧૧/૨૦૧૬નો પત્ર ક્રમાંક:અવિકો/યોજના/૨૦૧૬-૧૭/૬૭૯૨.

આમુખ:

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અનુસૂચિત જાતિ કલ્યાણ પ્રભાગ હેઠળના ત્રણ નિગમોને વર્ષ:૨૦૧૬-૧૭માં યોજનાકીય કામગીરી માટે કૂલ રૂ.૨૦.૦૦ કરોડની શેરમુડી લોન પેટે ફાળવવા અંગેની નવી બાબતને વંચાણે લીધેલ ક્રમાંક: ૧ પરના તા:૧૫/૦૬/૨૦૧૬ના ઠરાવથી વહીવટી મંજૂરી આપવામાં આવેલ તેમજ ઉક્ત ઠરાવની શરત નં- ૭ મુજબ ખર્ચ જે યોજના પાછળ કરવાનો હોય તે યોજનાઓની પૂર્વ મંજૂરી સરકારશ્રી કક્ષાએથી લેવાની રહેશે, તેવી જોગવાઈ નક્કી કરવામાં આવેલ છે.

વંચાણે લીધેલ ક્રમાંક:૧ પરના તા:૦૮/૦૨/૨૦૧૭ ના ઠરાવથી ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ અને ડૉ.આંબેડકર અંત્યોદય વિકાસ નિગમ (અનુ. જાતિ) (જુનું નામ- ગુજરાત અનુસૂચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ) ની યોજનાઓની મંજુરી આપવામા આવેલ છે.
ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમના વંચાણે લીધેલા ક્ર.૨ પરના તા:30/૧૧/૨૦૧૬ના પત્રથી યોજનાઓની મંજુરી માટે અત્રે દરખાસ્ત કરેલ છે. જે અંગેની મંજુરી આપવાની બાબત સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

૧. ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમની દરખાસ્ત પરત્વે વર્ષ:૨૦૧૬-૧૭માં નીચે મુજબની યોજનાઓની મંજુરી આપવામાં આવે છે:-

| ક્ર | યોજનાનું નામ | યુનિટની સંખ્યા | યુનિટ કોસ્ટ | યુનિટ કોસ્ટ પૈકી | | રાજ્ય સરકારનો ફાળાની રકમ |
|---|---|---|---|---|---|---|
| | | | | લાભાર્થી ફાળો | રાજ્ય સરકારનો ફાળો | |
| ૧ | થ્રી વ્હીલર વાહનની યોજના (ઓટોરીક્ષા/લોડીંગ રીક્ષા)/નાના પાયાના વ્યવસાય/પશુપાલનની યોજના | ૫૯૨ | ૧,૫૦.૦૦૦/- | ૧૫,૦૦૦/- | ૧,૩૫,૦૦૦/- | ૭,૯૯,૨૦,૦૦૦/- |

ગુજરાત અનુસૂચિત જાતિ વિકાસ નિગમની યોજનાની પાત્રતા/શરતો:-

- અરજદાર મુળ ગુજરાતના વતની અને અનુસૂચિત જાતિના અતિ પછાત જાતિના બેરોજગાર હોવા જોઈએ.
- અરજદારના કુટુંબની કૂલ વાર્ષિક આવક ગ્રામ્ય વિસ્તાર માટે રૂ.૯૮,૦૦૦/- અને શહેરી વિસ્તાર માટે રૂ.૧,૨૦,૦૦૦/-થી વધુ ન હોવી જોઈએ.
- અરજદારની ઉંમર જાહેરાતની તારીખે ૨૧ વર્ષથી ઓછી નહીં અને ૫૦ વર્ષથી વધુ ન હોવી જોઈએ.
- અરજદાર સંબંધિત વાહન ચલાવવા માટે લાઈસન્સ અને બેજ/ઓથોરાઈઝેશન ધરાવતા હોવા જોઈએ.
- અરજદાર કે અરજદારના કુટુંબમાંથી કોઈ પણ સભ્યએ અગાઉ નિગમ/કોઈપણ સરકારી/ અર્ધસરકારી કચેરી કે બેંક પાસેથી વાહન ખરીદવા કે અન્ય ધંધા માટે લોન લીધેલ હોવી જોઈએ નહીં.
- અરજદાર કે અરજદારના કુટુંબના કોઈ સભ્ય સરકારી કે અર્ધસરકારી કચેરીમાં ફરજ બજાવતાં હોવા જોઈએ નહીં.

૨. રાજ્ય સરકારને લોન પરત ભરપાઈ અને વ્યાજના દર અને તે અંગેની ચુકવણી અંગેની કાર્યરીતી તા:૦૮/૦૨/૨૦૧૭ ના ઠરાવમા નક્કી કર્યા મુજબ ની રહેશે.

૩. વંચાણે લીધેલ તા:૧૫/૦૬/૨૦૧૬ના ઠરાવમાં નક્કી કરેલ શરતોનું પણ ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

આ હુકમો આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર અગ્ર સચિવશ્રી(સા.ન્યા)ની તા:૧૭/૦૨/૨૦૧૭ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(કમલેશ શાહ)
નાયબ સચિવ
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર.
- અગ્ર સચિવશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર.
- નાણાં સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- નિયામકશ્રી, અનુસૂચિત જાતિ કલ્યાણ, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ વિકાસ નિગમ, ૧૦/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત સફાઈ કામદાર વિકાસ નિગમ, કર્મયોગી ભવન, ગાંધીનગર. આ ઠરાવના અનુસંધાને આનુષાંગિક કાર્યવાહી વિભાગની સંબંધિત વહીવટી શાખા(ગ-શાખા) મારફતે કરવાની રહેશે.
- મેનેજીંગ ડીરેકટરશ્રી, ગુજરાત અનુસુચિત જાતિ અતિ પછાત વિકાસ નિગમ, ૪/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલ, અમદાવાદ/ રાજકોટ.
- નિવાસી ઓડીટ અધિકારીશ્રી, ગાંધીનગર.

- સેક્શન અધિકારીશ્રી (ગ), સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી (ડી.એમ.ઓ), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી(અ-શાખા), નાણાં વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, બજેટ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર.
- સેક્શન અધિકારીશ્રી, કોમ્પ્યુટર સેલ, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. ઉકત ઠરાવ વિભાગની વેબસાઈટ પર અપલોડ કરવા વિનંતી સહ.
- પસંદગી ફાઇલ - ૨૦૧૭.